# ટુરિસ્ટ ગાઇડ્સના લાઇસન્સ માટેની માર્ગદર્શિકા
# પ્રવાસન કમિશનરની કચેરી
# ગાંધીનગર
# ક્રમાંક:પવસ/ટુરિસ્ટગાઇડ/૨૦૨૦/૩૦
# તારીખઃ ૨૩/૦૧/૨૦૨૦

**<u>ટુરિસ્ટ ગાઇડ્સના લાઇસન્સ માટેની માર્ગદર્શિકા</u>**

**પ્રસ્તાવના અને ઉદ્દેશ્યોઃ**

ગુજરાત સરકાર રાજ્યને ભારત અને વિશ્વના સૌથી પસંદગીના પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માટે સક્રિયપણે કામ કરી રહી છે અને આ પ્રયાસોના પરિણામે દર વર્ષે ગુજરાતની મુલાકાત લેતાં પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે.

કોઈપણ સ્થળની મુલાકાત લેતાં પ્રવાસીઓના સંતોષ માટે ટુરિસ્ટ ગાઇડની ભુમિકા મહત્વપૂર્ણ હોય છે.
ગાઇડની મુખ્ય ભૂમિકા સામાન્ય જનતા પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ, કલા અને સાંસ્કૃતિક વારસાના પ્રેમીઓને રાજ્યના વિવિધ સ્થળોની મુલાકાત લેતાં પહેલાં અને મુલાકાત દરમ્યાન તેમના પસંદગીના સ્થળોની અને રાજ્યના કલા અને સંસ્કૃતિ બાબતની વિસ્તૃત માહિતી પુરી પાડવામાં ગાઇડ મહત્વની ભૂમિકા ભજવે છે. ગાઇડ દ્વારા પ્રવાસીને રાજ્ય અને રાજ્યના પ્રવાસન સ્થળો વિશે વિસ્તૃત અને સચોટ માહિતી પુરી પાડવામાં આવતા પ્રવાસીઓની રાજ્યની મુલાકાત યાદગાર બને છે. પ્રવાસન કમિશનર, ગુજરાત સરકારએ રાજ્યમાં ગાઇડની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે નિયમિત ધોરણે વિવિધ ગાઇડ ટ્રેનિંગ કોર્ષ યોજવાનું નક્કી કરેલ છે.

આથી પ્રવાસન કમિશનર, ગુજરાત સરકાર ગાઇડ્સની પસંદગી, તાલીમ અને લાઇસન્સ માટે નીચે મૂજબની માર્ગદર્શિકા જાહેર કરે છે. આ માર્ગદર્શિકા પ્રકાશિત થયા તારીખથી અમલમાં આવશે.

**<u>૨. કાર્યક્ષેત્ર:</u>**
ગુજરાત રાજ્ય માટે ટુરિસ્ટ ગાઇડ્સના બે લેવલ રહેશે – એક-સિટી / ડેસ્ટિનેશન લેવલ ગાઇડ અને બીજા-સ્ટેટ લેવલ ટુરિસ્ટ ગાઇડ્સ. સિટી / ડેસ્ટિનેશન લેવલ ગાઇડ્સ ચોક્કસ જગ્યાના સ્થળ / પ્રવાસન આકર્ષણના નિષ્ણાંત હોવા જોઇએ, સ્ટેટ લેવલ ટુરિસ્ટ ગાઇડ્સ સમગ્ર ગુજરાતમાં પ્રવાસીઓને ગાઇડ કરવા અને તેમની સાથે પ્રવાસમાં જવાની મંજૂરી આપવામાં આવશે.

| ક્રમ નં. | ગાઇડ્સના પ્રકાર | લાઇસન્સ કલર કોડિંગ |
|---|---|---|
| 1 | લેવલ I: સિટી / ડેસ્ટિનેશન ગાઇડ્સ | પીળો રંગ |
| 2 | લેવલ II: સ્ટેટ લેવલ ગાઇડ્સ | લીલો રંગ |

**<u>3. ટુરિસ્ટ ગાઇડ બનવાની યોગ્યતાઃ</u>**
ટુરિસ્ટ ગાઇડ બનવા માટેની યોગ્યતા

| ક્રમ નં. | ધોરણો | સિટી/ડેસ્ટિનેશન ગાઇડ | સ્ટેટ લેવલ ટુરિસ્ટ ગાઇડ્સ |
|---|---|---|---|
| 3.1 | ઉંમર | લઘુત્તમ ઉંમર 20 વર્ષ | લઘુત્તમ ઉંમર 20 વર્ષ |
| 3.2 | શૈક્ષણિક લાયકાત | લઘુત્તમ 10 + 2 લેવલ પાસ | માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક |
| 3.3 | ડોમિસાઇલ | ગુજરાત રાજ્યના નિવાસી હોવા જોઇએ. ઉમેદવારે ગાઇડ ટ્રેનિંગ કોર્સમાં પ્રવેશ માટે અરજી સાથે ડોમિસાઇલનો પુરાવો સોંપવાનો રહેશે. ડોમિસાઇલના પુરાવા તરીકે નીચેના દસ્તાવેજો સ્વિકારાશે (કોઇપણ 2) | ગુજરાત રાજ્યના નિવાસી હોવા જોઇએ. ઉમેદવારે ગાઇડ ટ્રેનિંગ કોર્સમાં પ્રવેશ માટે અરજી સાથે ડોમિસાઇલનો પુરાવો સોંપવાનો રહેશે. ડોમિસાઇલના પુરાવા તરીકે નીચેના દસ્તાવેજો સ્વિકારાશે (કોઇપણ 2) (vii) આધાર કાર્ડ |

| | | | |
|---|---|---|---|
| | | (i) આધાર કાર્ડ<br>(ii) પાસપોર્ટ<br>(iii) મતદાર ઓળખ કાર્ડ<br>(iv) રેશન કાર્ડ<br>(v) શાળા લિવિંગ સર્ટિફિકેટ<br>(vi) સક્ષમ અધિકારી તરફથી રહેઠાણના પુરાવાનું પ્રમાણપત્ર | (viii) પાસપોર્ટ<br>(ix) મતદાર ઓળખ કાર્ડ<br>(x) રેશન કાર્ડ<br>(xi) શાળા લિવિંગ સર્ટિફિકેટ<br>(xii) સક્ષમ અધિકારી તરફથી રહેઠાણના પુરાવાનું પ્રમાણપત્ર |
| 3.4 | ભાષા કૌશલ્ય | ઉમેદવારને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાની જાણકારી હોવી જોઇએ. | સિટી / ડેસ્ટિનેશન ગાઇડ્સ પ્રમાણે તેમજ વિદેશી ભાષાની જાણકારી ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય મળશે |
| 3.5 | પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (પીસીસી) | ઉમેદવારોએ પ્રવાસીઓની સુરક્ષા માટે કોઇપણ પ્રકારના અગાઉના ગુનાહિત રેકોર્ડ/ કેસોનું અસ્તિત્વ ન હોવાની ચકાસણી માટે સ્થાનિક અધિકારી પાસેથી પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. | ઉમેદવારોએ પ્રવાસીઓની સુરક્ષા માટે કોઇપણ પ્રકારના અગાઉના ગુનાહિત રેકોર્ડ/ કેસોનું અસ્તિત્વ ન હોવાની ચકાસણી માટે સ્થાનિક અધિકારી પાસેથી પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. |

**4.** <u>પસંદગી પ્રક્રિયા</u>

4.1 પસંદગી પ્રક્રિયા પ્રવાસન કમિશનરશ્રી દ્વારા અથવા પ્રવાસન કમિશનરશ્રી દ્વારા નિયુક્ત કરાયેલ અન્ય એજન્સી દ્વારા હાથ ધરાશે.

4.2 પ્રવાસન કમિશનર પ્રવાસન વિસ્તાર અને ત્યાં આવેલ પ્રવાસન સ્થળોની સંખ્યા મુજબ તાલીમ માટે ઉપલબ્ધ બેઠકોની સંખ્યા નક્કી કરશે અને જાહેર કરશે તથા પ્રત્યેક શ્રેણી હેઠળ લાઇસન્સ અંગે નિર્ણય કરશે.

4.3 જાહેરાત દ્વારા અરજીઓ આમંત્રિત કરાશે. અરજદારોએ ગુજરાત ટુરિઝમની વેબસાઇટ www.gujarattourism.com મારફતે નિયત નમુનામાં તેમની યોગ્યતા માટે જરૂરી તમામ દસ્તાવેજોની ફોટોકોપી સાથે અરજી કરવાની રહેશે તેમજ પછીના તબક્કે કોઇપણ સંજોગોમાં અરજદારોને કોઇપણ વધારાના દસ્તાવેજો રજુ કરવાની મંજૂરી અપાશે નહીં.

4.4 અરજદારે ચકાસણી માટે તમામ મૂળ દસ્તાવેજો રજુ કરવાના રહેશે. મૂળ દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ રહેતાં ઉમેદવારની ઉમેદવારી રદ કરી શકાશે.

4.5 ઉમેદવારોએ ગાઇડ ટ્રેનિંગ કોર્સમાં પ્રવેશ માટે અરજી સાથે ડોમિસાઇલના પુરાવા રજૂ કરવાના રહેશેઃ (નીચેનામાંથી કોઇપણ-૨)

i) સક્ષમ અધિકારી દ્વારા ઉમેદવારના રહેઠાણનો પુરાવો
ii) પાસપોર્ટ
iii) મતદાર ઓળખ કાર્ડ
iv) રેશન કાર્ડ
v) શાળા લિવિંગ સર્ટિફિકેટ
vi) આધાર કાર્ડ

4.6 પ્રવાસન કમિશનર અથવા પ્રવાસન કમિશનરશ્રી દ્વારા પસંદ કરાયેલ એજન્સી પ્રવેશ માટે ઉમેદવારોની ચકાસણી માટે લેખિત અથવા ઓનલાઇન ટેસ્ટ હાથ ધરી શકાશે.

4.6.1 ગાઇડ ટ્રેનિંગમાં પ્રવેશ માટે અરજદારનું સામાન્ય જ્ઞાન અને યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે પ્રવેશ પરીક્ષા હાથ ધરાશે. આ ૧૦૦ ગુણની પ્રવેશ પરીક્ષા દોઢ કલાકની રહેશે અને તેમાં નીચેના વિષયો આવરી લેવાશેઃ

(i) રાજ્યના સ્મારકો અને પર્યટન સ્થળોની જાણકારી – ૩૦ ગુણ
(ii) રાજ્યનો ઇતિહાસ અને સંસ્કૃતિ – ૩૦ ગુણ
(iii) સામાન્ય જ્ઞાન – ૪૦ ગુણ

4.6.2 પ્રવેશ પરીક્ષા પાસ કરનાર તમામ અરજદારોનું મેરીટ લિસ્ટ કુલ ગુણને આધારે તૈયાર કરવામાં આવશે.
4.6.3 લેખિત પરીક્ષા યોજવી કે કેમ તે અંગે પ્રવાસન કમિશનરનો નિર્ણય આખરી ગણાશે.

**5** <u>ઉમેદવારોની તાલીમ</u>

5.1 પ્રવાસન કમિશનર અથવા પ્રવાસન કમિશનર દ્વારા પસંદ કરાયેલી એજન્સી દ્વારા ગાઇડ્સની તાલીમ હાથ ધરવામાં આવશે.

5.2 ગાઇડ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ક્લાસરૂમ ટ્રેનિંગ અને ફિલ્ડ ટ્રેનિંગ બંનેનો સમાવેશ કરવામાં આવશે.

5.3 ગાઇડ ટ્રેનિંગ કોર્ષનો સમયગાળો પ્રવાસન કમિશનર દ્વારા અથવા પ્રવાસન કમિશનર દ્વારા પસંદ કરાયેલી અન્ય એજન્સી દ્વારા નક્કી કરવામાં આવશે.

5.4 તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને જરૂરી ગાઇડિંગ કૌશલ્યો, ટુરિઝમ પ્રોડક્ટ્સ / ગુજરાત રાજ્યના વિવિધ પાસાઓ તેમજ દેશની સામાજિક, રાજકીય અને આર્થિક નીતિઓ અંગે જરૂરી માહિતી આપવામાં આવશે.

5.5 ફિલ્ડ ટ્રેનિંગ પ્રવાસીઓ માટે ખુલ્લાં તમામ મહત્વપૂર્ણ સ્મારકો (આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા (એએસઆઇ) દ્વારા સુરક્ષિતને બાદ કરતાં) ઉપર આપવામાં આવશે અને તેમાં વિશિષ પ્રેક્ટિકલ ટ્રેનિંગમાં રાજ્યના મહત્વપૂર્ણ સ્થળો, રૂચિના સ્થળો વગેરેની મુલાકાતને પણ સામેલ કરાશે.

5.6 પ્રવાસન કમિશનર દ્વારા પસંદ કરાયેલી ટ્રેનિંગ એજન્સી ટ્રેનિંગ પ્રોગ્રામ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ઉમેદવારોની યાદી સોંપશે.

5.7 સર્ટિફિકેશન માટે ક્લાસરૂમ ટીચિંગ અને ફિલ્ડ ટ્રેનિંગમાં ઓછામાં ઓછી ૮૦ટકા હાજરી જરૂરી રહેશે. જોકે, માંદગી, ચોક્કસ પારિવારિક સંજોગો અથવા અન્ય સંતોષકારક કારણો જેવા સંજોગોમાં પ્રવાસન કમિશનર અથવા અન્ય મંજૂરી પ્રાપ્ત સંબંધિત સત્તામંડળ / કોર્સનું સંચાલન કરતી / હાથ ધરતી અધિકૃત એજન્સી તરફથી ૧૦ટકા સુધીની હાજરીમાં છૂટ મળી રહેશે.

5.8 <u>ટ્રેનિંગ પ્રોગ્રામનું મૂલ્યાંકન</u>

5.8.1 પ્રવાસન કમિશનર દ્વારા નિર્ધારિત મૂલ્યાંકનના માપદંડો સફળતાપૂર્વક પાસ કર્યા બાદ તાલીમાર્થી ગાઇડ ટ્રેનિંગ સર્ટિફિકેટ માટે પાત્ર બનશે.

5.8.2 પ્રવાસન કમિશનર અથવા પ્રવાસન કમિશનર દ્વારા પસંદ કરાયેલી એજન્સી જરૂર પડ્યે લેખિત અથવા પ્રેક્ટિકલ પરીક્ષા લઈ ઉમેદવારોનું મૂલ્યાંકન કરશે.

**6** <u>ગાઇડ લાઇસન્સ ઇશ્યૂ કરવું</u>

6.1 ગાઇડ ટ્રેનિંગ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ સફળ ઉમેદવારને લાયકાત મુજબ સર્ટિફિકેટ / પ્રવાસન કમિશનર દ્વારા લાયકાત મુજબ સિટી / ડેસ્ટિનેશન લેવલ ટુરિસ્ટ ગાઇડ અથવા સ્ટેટ લેવલ ટુરિસ્ટ ગાઇડનું ઓળખકાર્ડ આપવામાં આવશે.

6.2 સફળ ઉમેદવારોને આપવામાં આવનાર સર્ટિફિકેટ્સ / ઓળખકાર્ડ ત્રણ વર્ષના સમય માટે માન્ય રહેશે અને પ્રવાસીઓ ને પોતાની પ્રોફેશનલ સેવાઓ પ્રદાન કરતી વખતે તેઓએ લાયસન્સ સાથે રાખવું પડશે અને નેમ ટેગ દર્શાવવું પણ ફરજીયાત રહેશે.

6.3 પ્રત્યેક સ્ટેટ લેવલ ગાઇડે નજીકના પ્રવાસી સ્વાગત કેન્દ્ર / પ્રવાસી માહિતી કેન્દ્રને તેના મુખ્ય સ્થળ અને સંપર્કની વિગતો આપવાની રહેશે તેમજ સમયાંતરે પોતાની કામગીરી સંબંધિત માહિતી પૂરી પાડવાની રહેશે.

**7** <u>ગાઇડ લાઇસન્સનું રિન્યુઅલઃ</u>

7.1 સિટી / ડેસ્ટિનેશન લેવલ ટુરિસ્ટ ગાઇડ અથવા સ્ટેટ લેવલ ટુરિસ્ટ ગાઇડ સર્ટિફિકેટ દર ત્રણ વર્ષે રીન્યુ કરવામાં આવશે, જે ગાઇડના પ્રદર્શન તથા પ્રવાસન કમિશનર દ્વારા પસંદ કરાયેલી / નિયુક્ત કરાયેલી કોઈપણ અન્ય સંસ્થા દ્વારા હાથ ધરાયેલા એક રિફ્રેશર કોર્સ પાસ કરવાને આધિન રહેશે.

7.2 ગાઇડે લાઈસન્સ પુરી થવાની તારીખના ૪૫ દિવસ પહેલાં રીન્યુઅલ માટે ગાઇડ સર્ટિફિકેટ / ઓળખ-કાર્ડની સાથે રીફ્રેશર કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોવા અંગેનું કર્યાનું પ્રમાણપત્ર ફરજીયાત રજૂ કરવાનું રહેશે. પ્રવાસન કમિશનરને સર્ટિફિકેટ અથવા લાયસન્સ વ્યક્તિગતરૂપે સોંપવાનું રહેશે.

7.3 ગાઇડે પ્રવાસન કમિશનર દ્વારા નિર્ધારિત પરર્ફોમામાં વીઆઇપી, ગ્રુપ, એફઆઇટી સહિત પૂર્ણ કરેલા એસાઇનમેન્ટ્સની સંખ્યા ધરાવતું વાર્ષિક સ્ટેટમેન્ટ રજૂ કરવાનું રહેશે.

7.4 હાલ લાઇસન્સ ધરાવતા ગાઈડે પણ રિફ્રેશ કોર્ષમાં સામેલ થવાનું રહેશે અને કોર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયેથી તેમનું લાઇસન્સ સીટી/ડેસ્ટિનેશન ગાઈડ તરીકે ત્રણ વર્ષ માટે રીન્યુ કરવામાં આવશે.

**8.** રીફ્રેશર કોર્સની ફ્રિકવન્સી અને ગાઇડ્સને સામેલ કરવાની પ્રક્રિયાઃ

8.1 આ માર્ગદર્શિકા જાહેર થયા તારીખ અગાઉ જેમને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા લાઇસન્સ આપવામાં આવેલ છે, તે તમામ લાઇસન્સ ધારકોએ પ્રવાસન કમિશનર દ્વારા યોજાનાર રિફ્રેશર કોર્સમાં ભાગ લઈ પોતાની ગાઈડ તરીકેની કાર્યક્ષમતા એ સિટી/ડેસ્ટિશન અંગેના  જ્ઞાન અંગેની ક્ષમતા પુરવાર કરવાની રહેશે. તેમજ, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા જે ગાઈડોએ છેલ્લા પાંચ વર્ષમાં IITTM-ગ્વાલિયર થી ટ્રેનિંગ લીધેલી હોય તેમણે પણ રીફ્રેશર ટ્રેનિંગ લેવાની રહેશે, તે બાદ જ અગાઉ રજિસ્ટર થયેલ ગાઈડોને સર્ટિફિકેટ/ઓળખપત્ર આપવામાં આવશે. આ તમામ ઉમેદવારોએ પ્રવાસીઓની સુરક્ષા માટે કોઇપણ પ્રકારના અગાઉના ગુનાહિત રેકર્ડ/ કેસોનું અસ્તિત્વ ન હોવાની ચકાસણી માટે સ્થાનિક અધિકારી પાસેથી પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. તેઓએ દર ત્રણ વર્ષે રિફ્રેશર કોર્ષમાં ભાગ લઈ તેઓની ક્ષમતા પુરવાર કરવાની રહેશે.

8.2આ કોર્સ પ્રવાસન કમિશનરશ્રી દ્વારા માન્ય રહેશે, જેથી ગાઈડ્સ તેમના લાઇસન્સના રિન્યુઅલ પહેલાં તેમાં ભાગ લઈ શકે. ગાઇડ તાલીમ માટે સંસ્થા નિયુક્ત કરવાનો નિર્ણય ગુજરાત સરકારના પ્રવાસન કમિશનરશ્રી દ્વારા કરવામાં આવશે તથા તે બાબતે હીતધારકો અને સંબંધિત સંસ્થાઓ સાથે ચર્ચા કરવામાં આવશે.

8.3 નજીકના ભૂતકાળમાં IITTM-ગ્વાલિયર ના સહયોગથી જે ગાઈડને રિફ્રેશર ટ્રેનિંગ આપવામાં આવેલ છે પરંતુ લાઇસન્સ રિન્યુઅલ કરવામાં આવેલ નથી તેવા ઉમેદવારો માટે એક કમિટીની રચના કરી સ્ટેટ-લેવલ ગાઈડ અને સિટી/ડેસ્ટિનેશન ગાઈડ તરીકેના લાઇસન્સ આપવાના રહેશે. ગુજરાતનાં હયાત અથવા નવા ગાઈડોમાં સ્ટેટ-લેવલ ગાઈડ અને સિટી/ડેસ્ટિનેશન ગાઈડ નક્કી કરવા માટે સૂચિત કમિટીની રચના કરેલ છે. જેમાં

૧. IITTM-ગ્વાલિયર માંથી એક સભ્ય

૨. ભારતીય પુરાતત્તવ સર્વે વિભાગ માંથી એક સભ્ય

૩. ટુર ઓપરેટર અથવા ટ્રાવેલ આસોસિએશન માંથી એક સભ્ય

૪. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ માંથી એક સભ્ય

૫. પ્રવાસન કમિશનરની કચેરી માંથી એક સભ્યનો સમાવેશ કરેલ છે.

**9. કોર્સ ફી**

ગાઇડ ટ્રેનિંગ પ્રોગ્રામ અને/અથવા રિફ્રેશર પ્રોગ્રામ માટેની ફી નક્કી કરવાનો હક પ્રવાસન કમિશનરશ્રી પાસે રહેશે.

**10. નિયમનકારી નિયમો અને શરતો ઉપર સહી કરવી**

ગાઇડ લાઇસન્સ ઇશ્યૂ કરતાં પહેલાં ગાઇડના આચરણ અને પ્રદર્શન બાબતે ગુજરાત સરકારના પ્રવાસન કમિશનર દ્વારા નિયત કરાયેલા નિયમો અને શરતોની સ્વિકૃતિ બાબતે તમામ ટુરિસ્ટ ગાઇડ્સે સહી કરવાની રહેશે. (અનુચ્છેદ – 1)

**11. દંડની જોગવાઇ**

11.1 ગુજરાત સરકાર અથવા પ્રવાસન કમિશનરના નિયમો અને શરતોના ભંગ અથવા ગેરવર્તન સંબંધિત કોઇપણ ફરિયાદ અથવા માહિતી મળશે તો લાઇસન્સ ધરાવતા ગાઇડની સામે દંડની કાર્યવાહી થઈ શકશે.

11.2 ફરિયાદ મળવાની સ્થિતિમાં અથવા અધિકૃત ગાઇડની વિરુધ્ધ આવી કોઇપણ માહિતી મળતાં પ્રવાસન કમિશનર પોતે અથવા અન્ય કોઇપણ (ગૌણ) અધિકારી દ્વારા તથ્યોની તપાસ કરાવશે. તથ્યોની તપાસ કર્યા બાદ પ્રાથમિક ધોરણે કેસ જણાશે તો જે-તે ગાઇડને કારણદર્શક નોટિસ અપાશે. તેણે નોટિસ મળ્યાંના ૩૦ દિવસમાં પોતાની સામે થયેલા આરોપોના ખુલાસા રજૂ કરવાના રહેશે. પ્રવાસન કમિશનરશ્રીની પૂર્વ મંજૂરી સાથે પ્રવાસન કમિશનર કચેરી દ્વારા કારણદર્શક  નોટિસ આપી શકાશે.

11.3 કારણ દર્શક નોટિસનો જવાબ મળ્યાંના ૪૫ દિવસમાં પ્રવાસન કમિશનર / ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ ની મંજૂરી સાથે આખરી નિર્ણય લેવામાં આવશે.

11.4 સમાન્યતયા પ્રથમ વખત ગાઇડ દોષી સાબિત થશે તો તેનું લાઇસન્સ ૬ મહિના માટે સસ્પેન્ડ કરાશે. જો તેઓ બીજી વખત દોષી સાબિત થશે તો એક વર્ષ માટે સસ્પેન્ડ થશે. જો ત્રીજી વખત દોષી સાબિત થશે તો કાયમી ધોરણે લાઇસન્સ રદ કરવામાં આવશે. પ્રવાસન કમિશનરની મંજૂરી સાથે તમામ સંજોગોમાં અંતિમ નિર્ણય લેવાશે.

ગંભીર પ્રકારના આક્ષેપના કિસ્સામાં લાઈસન્સ સસ્પેન્ડ કે રદ કરવા અંગેનો નિર્ણય પણ પ્રવાસન કમિશનરશ્રી લઈ શકશે.

11.5 તમામ તથ્યોને ધ્યાનમાં લીધા બાદ નિર્ણય અંગે સ્પષ્ટ કારણ આપીને મેરિટને આધારે દંડ કરવાનો નિર્ણય લેવાશે, જે સ્પિકિંગ ઓર્ડર રહેશે. પ્રવાસન કમિશનર દ્વારા અપાયેલા આદેશમાં પ્રિન્સિપાલ સેક્રેટરી (ટુરિઝમ) અપેલટ ઓથોરિટી રહેશે.

**12. ગાઈડ સર્વિસ ફી / ટેરિફ**

ગાઇડ દ્વારા લેવાતી ફી ફિક્સ્ડ રહેશે. પ્રવાસન કમિશનર/ ગાઇડ એસોસિયેશન / ઇન્ડિયન અસોસિએશન ઓફ ટુર ઓપરેટર / ટ્રાવેલ એજેંટ અસોસિએશન ઓફ ઈન્ડિયા પ્રતિનિધિઓ સાથે ટુરિસ્ટ ગાઇડ ફેડરેશન ઓફ ઈન્ડિયા ના પરામર્શ મૂજબ અથવા સંબંધિત હીતધારકો / ટુર ઓપરેટર્સ સાથે પરામર્શ કર્યા મૂજબ લેવાશે, જે ઇન્ડિયા ટુરિઝમ, ભારત સરકાર દ્વારા પ્રવર્તમાન લાઇસન્સ ગાઇડ માટે ચોક્કસ સિટી / ડેસ્ટિનેશન માટે નક્કી કરાયેલી ફીથી વધુ હશે નહીં.

**13. નિવૃત્તિ**

લાઇસન્સ પ્રાપ્ત ગાઇડ માટે નિવૃત્તિની કોઈ વય મર્યાદા નથી. જોકે, ૬૫ વર્ષની ઉંમર થયા બાદ તેમણે ફિઝિકલ-કમ-મેન્ટલ ફિટનેસ ટેસ્ટ આપવાનો રહેશે. લાઇસન્સ રિન્યુઅલ પહેલાં તેમણે નજીકની સરકારી હોસ્પિટલના રેસિડેન્ટ મેડીકલ ઓફિસર (RMO) પાસેથી મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહે છે.

નોંધઃ પ્રવાસન કમિશનર કોઈપણ પ્રકારના કારણો આપ્યાં વિના સમયાંતરે માર્ગદર્શિકામાં સ્પષ્ટતા, ફેરફાર અથવા સુધારો-વધારો કરવાનો હક ધરાવે છે.

**અનુચ્છેદ – ૧**

લાઈસન્સ ધારક ટુરિસ્ટ ગાઈડના આચરણ અને કામગીરીને નિયંત્રિત કરતા નિયમો અને શરતો

1. લાઈન્સ ધારક ગાઈડ્સ જ્યારે ફરજ ઉપર હોય ત્યારે, પ્રવાસન કમિશનર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલું લેમિનેશનવાળું ગાઈડ લાઈસન્સ પહેરી રાખવું અને પ્રવાસીઓ સાથે હોય ત્યારે નેમ ટેગ પણ પહેરવી .

2. પ્રવાસન કમિશનર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલ ગાઇડ લાઇસન્સ નોનટ્રાન્સફરેબલ રહેશે. લાઇન્સ ધારક ગાઇડ્સ પોતાનું ઓળખકાર્ડ/લાઇસન્સ કે અન્ય આનુષાંગિક દસ્તાવેજ અન્ય કોઈ વ્યક્તિને આપી શકશે નહીં. આ નિયમના ભંગ બદલ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમને આપવામાં આવેલ લાઇન્સ રદ કરવામાં આવશે.
3. પ્રવાસન કમિશનર દ્વારા ઈશ્યૂ કરવામાં આવેલ ગાઇડ લાઇસન્સ/ઓળખકાર્ડ કે અન્ય આનુષાંગિક દસ્તાવેજો ખોવાઈ જાય કે નુકશાન થાય તે કિસ્સામાં લાઇન્સ ધારક ગાઈડે તેની જાણ તાત્કાલિક ધોરણે પ્રવાસન કમિશનરને કરવાની રહેશે અને નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ FIR નોંધાવી તેની નકલ પ્રવાસન કમિશનરને જાણ સારું મોકલવાની રહેશે. FIRના આધારે લાઇન્સ ધારક ગાઇડ્સને ડુપ્લિકેટ લાઇન્સ ઇશ્યુ કરવાની અરજી પ્રવાસન કમિશનરને કરવાની રહેશે. ગાઇડ લાઇસન્સને સાચવીને રાખવાની જવાબદારી જે તે ગાઇડની અંગત રહેશે.
4. ગાઇડ પ્રવાસીઓ પાસેથી ટિપ્સ માંગી શકશે નહીં. પ્રવાસી પાસેથી નિયત ફી કરતાં વધુ ફી કે બક્ષિસની માંગણી/સ્વિકાર ગેરશિસ્ત ગણવામાં આવશે.

5. લાઈસન્સધારક ગાઇડએ વ્યવસાયની પ્રતિષ્ઠા અને સમ્માન જાળવવા માટે તે/ તેને છે દેશના જે તેઓ/ તેણી/ પડશે પહેરવા વસ્ત્રો અનુરુપ

6. ગાઇડ એસોસિએશન /ટ્રાવેલ એજન્ટ એસોસિએસન /ટુર ઓપરેટર એસોસિએશન દ્વારા જો કોઇ ગાઇડ ફી નક્કી કરી હોય તો સમય-સમય પર ગાઇડે તેની ચૂકવણી કરવી પડશે .

7. ગાઈડ દ્વારા બિઝનેસ હાઉસિસ, ટ્રાવેલ એજન્ટો, પ્રોફેશનલ્સ હોટેલ, હાઉસો ગેસ્ટ, કિપર્સ સ્ટોર, ટ્રાન્સપોર્ટ ઓપરેટરસ, વગેરે વતી કોઈ પણ પ્રકારનો વ્યવસાય કે પ્રચાર કરવામાં આવશે નહીં. વધુમાં તેઓ તેમની પાસેથી નાણાકીય વ્યવહાર સ્વીકારશે નહીં અથવા અન્ય કોઈ અનૈતિક પ્રથામાં સામેલ થશે નહીં.

8. ગાઇડ ભાગીદારી દ્વારા અથવા કમિશનના આધારે કોઇ પણ રીતે સ્થાપિત કંપની કે સંસ્થા સાથે કોઇ પણ પ્રકારનો નાણાકીય વ્યવહાર કરી શકશે નહીં. .

9. શોપિંગ સેન્ટર કે હેન્ડીક્રાફ્ટ વગેરેના વેચાણની દુકાનો સાથે ગાઇડનું જોડાણ હોવાનું જણાશે તો તેમનું લાઇસન્સ રદ થવા પાછળનું કારણ બનશે .

10. શહેર કે રાજ્ય કક્ષાના ગાઇડ્સ ટ્રાવેલ અને હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રીઝમાં કાયમી / નિયમિત કર્મચારી ન હોવા જોઇએ.
11. **ગાઈડની પ્રવાસીની સમયની અનુકૂળતા ધ્યાને લઈ જે તે જોવાલાયક સ્થળ અંગેની સંપૂર્ણ જ્ઞાનસભર માહિતી પ્રવાસીને સંતોષ થાય તેમજ મુલાકાત યાદગાર બની રહે તે મુજબ પૂરી પાડવાની રહેશે.** ગાઇડ વિરુદ્ધ અપૂરતી/અસ્પષ્ટ માહિતી પૂરી પાડેલ હોવા સબંધે મળતી ફરિયાદ ગેરશિસ્ત ગણાશે.

12. ગાઇડ ટુરિસ્ટોને માત્ર સ્મારકો અને જાહેર ઇમારતોની મુલાકાત માટે જ લઇ જઇ શકશે જે પ્રવાસીઓના નક્કી કરેલા પ્રવાસ કાર્યક્રમનો એક ભાગ છે. કોઇ પણ પરિસ્થિતિમાં કોઇપણ તેણે/તેણીએ પોતાની સુવિધા માટે/લાભ માટે પ્રવાસીઓના ટુરના કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે નહીં .આવા જો કોઇ કિસ્સામાં કોઇ પણ ગાઇડસ દ્વારા આ નિયમનું ઉલ્લંઘન કર્યું હોવાનું જણાશે તો તેનું/તેણીનું લાઇસન્સ રદ/સ્થગિત કરવાને પાત્ર રહેશે .

13. પ્રવાસન કમિશનર/ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ કે અન્ય એજન્સીઓ જેવી કે ટ્રાવેલ એજન્ટ્સ/ટુર ઓપરેટરસ્ /હોટેલ વ્યાવસાયિકો વગેરે દ્વારા સોંપવામાં આવેલા કોઇ પણ એસાઇમેન્ટને વાજબી કારણ વગર ગાઇડ મનાઇ કરી શકશે નહીં .જો ગાઇડ એક સિઝનમાં ત્રણ એસાઇમેન્ટ રિફ્યુઝ કરશે તો તેનું/તેણીનું લાઇસન્સ રદ/સ્થગિત કરવાને પાત્ર રહેશે
14. પ્રવાસન કમિશનર દ્વારા રાજ્ય કક્ષાના લાઇસન્સ ધારક ગાઇડ પ્રવાસન કમિશનર/ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના એસાઇમેન્ટને કોઇ વાજબી કારણ વગર ના પાડી શકશે નહીં .

15. ગાઇડે પ્રવાસીઓ કે અન્ય અધિકારીઓ કે જે તેના/તેણીના એસાઇમન્ટ દરમિયાન સંપર્કમાં આવે છે તેમની સાથે સારું વર્તન કરવાનું રહેશે અને વિનમ્રતા જાળવી રાખવી પડશે .

16. પ્રવાસન કમિશનર/ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા સોંપવામાં આવેલા એસાઇમેન્ટમાં મોડું કરવાના મામલે ગાઇડ નીચે જણાવેલા દંડને પાત્ર બનશેઃ -

(a) પ્રથમવાર આવવામાં વિલંબઃ અપાશે ચેતવણી લેખિતમાં –

(b) બીજીવાર આવવામાં વિલંબઃ ફીના 25% જેટલો દંડ.

(c) ત્રીજીવાર આવવામાં વિલંબઃ છ મહિનાના સમયગાળાની અંદર બીજી અને ત્રીજી બંને વખતે આવવામાં વિલંબ થવાની ઘટનામાં એક મહિના માટે ગેરલાયક ઠેરવવામાં આવશે.

(d) સંપૂર્ણપણે ગેરહાજરીઃ ત્રણ મહિનાના સમયગાળા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે .

નોંધ: -

ઉપરોક્ત દંડ એવા ગાઈડ પર લાગુ થશે જે કોઈ એસાઈનમેન્ટ સ્વીકાર કર્યા બાદ નિર્ધારીત સમયગાળા માં ફરજ પર હાજર થતા નથી તો તે બાબતે તેઓએ પ્રવાસન કમિશનર/ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ ને લેખીત મા સંતોષકારક કારણો જણાવવાના રહેશે. સદર કારણો સંતોષ કારક નહી હોય તો, પ્રવાસન કમિશનર તેમની સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી શકશે. ફરજ પર સમયસર ન પહોચવા માટે ના કારણો જો ગાઈડના નિયંત્રણ માં ન હોય તેવા હશે તો તેમને આ દંડ માંથી મુક્તિ આપવા નો અધિકાર પ્રવાસન કમિશનરનો રહેશે. તેજ રીતે ફરજોમાં ચૂક બદલ ગાઈડ લાઈસન્સ રદ કરવાનો/સ્થગિત કરવાનો નિર્ણય પ્રવાસન કમિશનર લઈ શકશે.

17. ગાઈડે એફઆઈટીના, જૂથોના, કોચ ટૂરના, પ્રવાસના, વગેરે માટેની તમામ સોંપણીઓ સ્વીકાર કરવાની રહેશે.

18. ગાઇડે સ્વીકારેલ કામગીરીમાં એફઆઇટીએસ ગ્રૂપસ ,વીઆઇપીને સાચવવાના એસાઇન્મેન્ટની સંખ્યા દર્શાવતા વાર્ષિક સ્ટેટમેન્ટ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડને સોંપવાના રહેશે .

19. એક લાઈસન્સ ધારક ગાઈડે સમયાંતરે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા નિર્દેશિત કે /કદાચ કોઈ પણ શોર્ટ-ટર્મ ટ્રેઈનિંગ, રિફ્રેશર કોર્સમાં ફરજિયાત ભાગ લેવો પડશે .

20. ગાઈડે આ વ્યવસાયમાં પ્રવેશ કરતી વખતે તંદુરસ્તી માટેનું મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવાની જરૂર પડશે અને ત્યારબાદ પ્રવાસન કમિશનર દ્વારા માંગવામાં આવે ત્યારે રજૂ કરવું પડશે .

21. ગાઈડે ત્રણ મહિના કે તેનાથી વધારે મહિના માટે ગેરહાજર રહેવાનું હોય તેવા કિસ્સામાં પ્રવાસન કમિશનરને લેખિતમાં ફરિજયાત પણે જાણ કરવાની રહેશે .

22. ગાઈડે ત્રણ સપ્તાહથી વધારે કે વિદેશ પ્રવાસના કિસ્સામાં પ્રવાસન કમિશનર/ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડની ઓફિસને રિપોર્ટ આપવો પડશે

23. જો પોલીસ દ્વારા કોઇ કથિત અપરાધમાં સંડોવણી હોવાના ગુનામાં ગાઇડની ધરપકડ કરવામાં આવે તો કેસની સુનાવણી દરમિયાન તેનું/તેણીનું ગાઇડ લાઇસન્સ સ્થગિત કરવામાં આવશે .જો કોર્ટના કાયદા મુજબ તેને દોષિત ઠેરવવામાં આવે તો ગાઇડનું લાઇસન્સ તરત જ જપ્ત કરી લેવામાં આવશે .

24. વિદેશી પ્રવાસીઓ દ્વારા સ્થળોની મુલાકાત વખતે કાયદા દ્વારા પ્રતિબંધિત અથવા દેશની છબી ઉપર પ્રતિકુળ અસર કરી શકે તેવા ફોટા ન ખેંચવા માટે ચેતવણી આપવાની જવાબદારી ગાઇડની રહેશે .

25. માન્ય સિટી/સ્ટેટ લેવલ ટુરીસ્ટ ગાઇડની વિરુદ્ધ કોઈ પણ ફરિયાદ મળે ત્યારે પ્રવાસન કમિશનર/ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટે એ તથ્યની તપાસ કર્યા બાદ તેને/તેણીને શો-કોઝ નોટિસ ઇશ્યૂ કરશે ,નોટિસ ઇશ્યૂ થયાના 30 દિવસના સમયગાળાની અંદર તેમની ઉપર લગાવવામાં આવેલા આરોપો સામે બચાવ કરવાની એક તક આપવામાં આવશે .આવા કિસ્સાઓમાં સંબંધિત મેનેજરની પૂર્વ મંજૂરીને આધિન પ્રવાસન કમિશનર/ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા શો-કોઝ નોટિસ ઇશ્યૂ કરવામાં આવશે .

આવી રજૂઆત અંગેનો આખરી નિર્ણય પ્રવાસન કમિશનર/ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ ની પૂર્વ મંજૂરી સાથે શો–કોઝ નોટિસનો જવાબ મળ્યાની તારીખથી ૪૫ દિવસની અંદર લેવામાં આવશે. જો ગાઇડ દોષિત સાબિત થાય છે તો તેનું/તેણીનું ગાઇડ લાઇસન્સ છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે. જો કે ગાઇડ બીજી વખત દોષિત ઠેરવવામં આવે તો તેનું/તેણીનું ગાઇડ લાઇસન્સ છ મહિના કરતા વધારે સમયગાળા માટે સસ્પેન્ડ કરવામાં આવશે પરંતુ આ સસ્પેન્શન એક વર્ષથી વધારે હશે નહીં. જો ત્રીજી વખત ગાઇડને દોષિત ઠેરવવામાં આવે તો હંમેશા માટે તેનું ગાઇડ લાઇસન્સ પાછું લઇ લેવામાં આવશે. જો કે આવા કિસ્સાઓમાં તમામ આખરી નિર્ણયો પ્રવાસન કમિશનર/ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડને આધિન રહેશે.

26. જો કોઇ ગાઇડ સ્વાસ્થ્ય સંબંધિત કે દેશમાં અનુપસ્થિતિના કારણોસર બે વર્ષથી વધારે સમયગાળા માટે સક્રિય ગાઇડ ન રહે તો તેણે/તેણીએ આ વ્યાવસાય છોડવો પડશે અને આવી સ્થિતિમાં ગાઇડને ઇશ્યૂ કરવામાં આવેલું લાઇસન્સ કેન્સલ કરી દેવામાં આવશે .અલબત જો કોઇ ગાઇડ બે વર્ષ સુધી ગેરહાજર રહ્યા બાદ આ વ્યાવસાયને ફરીથી શરૂ કરવા ઇચ્છે છે તો તેણે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડની સાથે સંલગ્ન માન્યતા પ્રાપ્ત ઇન્સ્ટિટ્યૂટ દ્વારા સંચાલિત એક રિફ્રેશર કોર્સમાં પસાર થવું પડશે .

27. ગાઈડે પ્રવર્તમાન નિયમો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના ટુરિઝમ અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા સમયાંતરે તૈયાર કરવામાં આવેલા નિયમોનું પાલન કરવું પડશે .જો તેના પાલનમાં નિષ્ફળ રહેશે તો તેને/તેણીને ઇશ્યૂ કરવામાં આવેલું ગાઇડ લાઇસન્સ કેન્સલ કરવામાં આવશે .

28. ગાઇડ લાઇસન્સ પ્રાપ્ત કરતી વખતે ઉમેદવારે પ્રવાસન કમિશનર/ ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા નિયત કરેલ અને પ્રવાસન કમિશનર દ્વારા સ્વીકારવામાં આવેલા માનનીય ટુરિઝમ અને સુરક્ષા માટેની આચારસંહિતાનું પાલન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવતા કરાર ઉપર સહિ કરવી પડશે અને દરેક સમયે તેની આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે.

**29.** ગાઈડે પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ સ્થળો અને અવશેષ અધિનિયમ) એએમ એન્ડ એએસઆર (અધિનિયમ 1958અને નિયમ1959 ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે .

**30.** ગાઈડે એએસઆઇ સ્મારક પરિસરની મુલાકાત લેતી વખતે ફિલ્ડ સ્ટાફ કે અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સુચનોનું પાલન કરવાનું રહેશે .

**31.** ગાઇડ જ્યારે કોઇ વિશેષ સ્મારકમાં ટુરિસ્ટને લઇ જાય છે ત્યારે એએસઆઇ સ્મારકમાં મૂકવામાં આવેલા રજિસ્ટરમાં એન્ટ્રી કરવાની રહેશે .

***********************

## અનુચ્છેદ – ૨

**ટુરિસ્ટ ગાઇડ માટેની આચાર સંહિતા**

- ટુરિસ્ટ ગાઈડે હંમેશા 'અતિથિ દેવો ભવઃ'ની ભારતની પ્રાચીન વિભાવનાનું પાલન કરીને ભારતની એક સારી અને સકારાત્મક છબી દર્શાવવા માટે સભાન રહેવું જોઇએ.

- ટુરિસ્ટ ગાઈડે પોતાને તેમના/તેણીના મિત્ર માનવા પડશે ,વિનમ્ર અને મદદરૂપ થવું પડશે ને ક્યારેય પ્રવાસીઓએ તેમની ઉપર મૂકેલા વિશ્વાસમાં વિશ્વાસઘાત કરશે નહીં અને પોતાની નૈતિકતા અને નૈતિક જવાબદારીઓને વિનમ્રતાપૂર્વક નીભાવવાની રહેશે .

- ગાઈડે મૌખિક શબ્દો ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર રહેશે કારણ કે નિવેદનો દેશની માટે એક છબી ઉપસાવવામાં વધારે અસરકારક સાબિત થાય છે ઘણીવખત ખર્ચાળ જાહેરાત કરતા મોઢેથી બોલેલ શબ્દો વધારે મૂલ્યવાન હોય છે .

- ટુરિસ્ટ ગાઈડે હંમેશા નમ્ર આતિથ્યપૂર્ણ અને સ્નેહભરી ભારતીયોની અને સમજણભર્યો,દયાળુ ,કુશળતાપૂર્વક ,કાર્યક્ષમ , .રહેશે કરવાની રજૂ સંસ્કૃતિને

- ટુરિસ્ટ ગાઈડે રાજ્યના નવીનત્તમ વિકાસની સંભવિત તમામ માહિતીની ખરાઇ કરવી પડશે અને તેણે /તેણીએ પોતાની જાતને અપ-ડેટ રાખવી પડશે .તેણે /તેણીએ તેની સંસ્કૃતિ અને પરંપરાઓના હકારાત્મક પાસાંઓને સમજીને તેને અભિવ્યક્ત કરવા પડશે અને પ્રવાસીઓ અને સ્થાનિક લોકો એકબીજાને આદર આપે તેની ખાતરી કરવા માટે સ્થાનિક રીતરિવાજો ,આદતો અને પરંપરા સાથે સંબંધિત માહિતી આપવી પડશે .

- ટુરિસ્ટ ગાઇડ એ હંમેશા સમયનું પાલન કરવું, ફરજ અનુસાર વસ્ત્ર પરિધાન કરવું, વ્યવસ્થિત વર્તન, શાંત અને સંસ્કારી રહેવું જોઇએ. તેણે/તેણીએ આ વ્યવસાય કે દેશની છબીને ક્યારેય નુકસાન ન થાય તેવા આચરણ અને વર્તનની ખાતરી કરાવવી જોઇએ.

- ટુરિસ્ટ ગાઇડ દરેક સમયે સોંપવામાં આવેલા કાર્ય પ્રત્યે વફાદાર રહેશે અને માત્ર પ્રવાસીઓ સાથેના વર્તનમાં જ નહી પરંતુ સરકારી અધિકારીઓ અને જાહેર વ્યક્તિઓ જેવા લોકો સાથે પણ સારું આચરણ કરવું પડશે .

- ટુરિસ્ટ ગાઈડે અનૈતિક અને ભેદભાવપૂર્ણ વર્તનથી દૂર રહી વિનમ્રતા પૂર્વક અને પ્રામાણિકપણે કામગીરી પૂર્ણ કરવાની રહેશે અને હક્ક વગરની નાણાકીય લેવડ-દેવડ કે લાભો મેળવવાની વૃત્તિ થી દૂર રહેવું પડશે તેમજ પ્રવાસીઓને જાણીજોઈને ગેરમાર્ગે દોરવાની માનસિકતાથી પર રહેવું પડશે.

- ટુરિસ્ટ ગાઇડ તરીકે તેણે /તેણીએ સંભવિત દલિલોથી હંમેશાથી પોતાને દૂર રાખવા અને ગ્રાહક હંમેશા સાચા છે તે વાતનુ ધ્યાન રાખવું .

- ટુરિસ્ટ ગાઇડ ભારતભરના પ્રવાસીઓ અને પોતાના નજીકના સહાયકો સાથે સમજદારી પૂર્વક અને સહયોગના દ્રષ્ટિકોણથી પોતાનું માન -સમ્માન જાળવી રાખશે .

- ટુરિસ્ટ ગાઈડે ગુજરાત/ભારતના વારસાની સુરક્ષા અને સમ્માન કરવાનું રહેશે અને પ્રવાસીઓને પણ તે બાબતે માર્ગદર્શન આપવાનું રહેશે.

## <u>ડિક્લરેશન</u>

| |
|---|
| *તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડો* |

"હું સભાનપણે ઉપરોક્ત તમામ **શરતો અને નિયમો(અનુંચ્છેદ-૧)**ને સ્વીકારું છું અને તેનું પાલન કરવા માટે તૈયાર છું મે **અનુંચ્છેદ-૨** માં બિડાણ કરેલા ટુરિસ્ટ ગાઇડ માટેની આચાર સંહિતાઓ વાંચી છે અને તેને સમજી છે અને મારા વ્યવસાયના આચરણ અને વર્તનમાં તેનું પાલન કરવાનું ખાતરી આપુ છું."

નામ*:*
સ્થળ*:*
તારીખ:*:* સહી *:*

**X-X-X**